# રાજ્યમાં કોરોનાના કેસ ૧૧૦૦ પાર

## રાજ્યમાં ૨૪ કલાકમાં ત્રણ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૧૪૩૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૭૧ કેસ

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૧૨૨ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૭૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે અમદાવાદ, સુરત અને વડોદરામાં એક-એક એમ કુલ ત્રણ વ્યક્તિના મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૮૧,૧૭૩ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૧,૪૩૩ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૩૦ પર પહોંચ્યો છે. રાજ્યમાં તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ રસીકરણ દ્વારા વધુમાં વધુ લાભાર્થીઓને સમય-મર્યાદામાં આવરી લેવાય તે હેતુસર તમામ મહાનગર પાલિકામાં કોવિડ-૧૯ વેક્સીનેશન માટે ગાઈડ લાઈન મુજબ વધુમાં વધુ સેશનનું આયોજન કરવામાં આવશે. કોવિડ વેક્સીનેશન સેન્ટર ખાતે રાત્રિના ૯.૩૦ વાગ્યા સુધી કોવિડ રસીકરણ કરવામાં આવશે. અત્યાર સુધીમાં કુલ ૨૨,૭૧,૧૪૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૫૪,૬૬૨ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૫૨૯૫૨ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૧૧૨૨ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૭૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૫૪ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૭૧,૪૩૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૫,૩૧૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૫,૨૪૯ લોકો સ્ટેબલ છે. ૨,૭૧,૪૩૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૩૦ લોકોનાં મોત નિપજ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ વખતે સમયસર, શાક લેવા માટે નવી ડોલ લઈ લેજે... ગયા વખતે હું મરચાવાળી ડોલથી નાહીને હેરાન થઈ ગયો હતો...!!

# કોરોનાના વધતા સંક્રમણને પગલે સરકાર એક્શન મોડમાં

### ચાર મહાનગરો માટે ચાર વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોપાઈ : મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઇ

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની વર્તમાન પરિસ્થિતિ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓની યોજેલી વીડિયો કોન્ફરન્સમાં આપેલા દિશા નિર્દેશનો અંગેની વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા લંબાણપૂર્વક હાથ ધરવામાં આવી હતી. આ કોર કમિટીની બેઠકમાં વધુ મહત્વપૂર્ણ નિર્ણયો લઈને રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણ માટેના ઉપાયો સઘન બનાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી.



મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યમાં કોરોના વેકસીનેશનની કામગીરીનો વ્યાપ વધારવા વધુ સેન્ટરો ખોલવા માટે અને કોરોના વેકસીનેશન સેન્ટરનો સમય રાત્રે ૯.૦૦ વાગ્યા સુધીનો રાખવા માટે પણ આ બેઠકમાં સૂચનાઓ આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજ્યમાં ફરજીયાત માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સના નિયમોનું કડકાઈથી પાલન થાય અને નિયમોના ભંગ સામે ગૃહ વિભાગ કડક કાર્યવાહી કરે તેવી પણ સૂચનાઓ આપી છે.

રાજ્યમાં ચાર મહાનગરોમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોને ધ્યાનમાં લઈને આ મહાનગરોમાં કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારના ઉપાયો માટે સ્થાનિક તંત્રના માર્ગદર્શન અંગે ચાર વરિષ્ઠ સચિવશ્રીઓને તાકીદના ધોરણે આ શહેરોની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં અધિક મુખ્ય સચિવ શ્રી ડો. રાજીવ ગુપ્તાને અમદાવાદ, શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ અને નાણા સચિવ (ખર્ચ) શ્રી મિલીન્દ તોરવણેને વડોદરા તેમજ ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તાને રાજકોટ અને જીઆઈડીસીના મેનેજિંગ ડિરેકટર શ્રી એન. થેન્નારસનને સુરતની જવાબદારી સોંપવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં જિલ્લા કલેક્ટર દ્વારા નાયબ મામલતદાર સંવર્ગ અને જુનિયર ક્લાર્ક સંવર્ગના કર્મયોગીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પણ આજે નાયબ ચીટનીસ વી.ટી. સોનીને ગ્રામ વિકાસ એજન્સીમાં, સિનીયર ક્લાર્ક એ.એ. ઓઝાને બ્લોક હેલ્થ ઓફિસ માણસા અને મહેકમ-૧ ના એચ.બી. ચાવડાને વી.ટી. સોનીની જગ્યાએ મુકતા હુકમો જારી કરવામાં આવ્યા છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખપદે અને બિન હરિફ પદે વરાયેલા ભાજપના દિલીપભાઈ પટેલ અને ગુણવંતસિંહ ચાવડા દ્વારા પંચાયત પ્રમુખની ચેમ્બરમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયુ હતુ.
- આજે પંચાયતનો વહીવટ બે દાયકા બાદ ભાજપે સંભાળતાં જિલ્લા ભાજપના મોભીઓ તેમજ પૂર્વ સદસ્યો અને પૂર્વ પદાધિકારીઓ પંચાયત સંકુલમાં આવ્યા હતા.
- રાજ્યના મુખ્ય સચિવે આજે કોરોના વેક્સીનેશન અંગે વિડીયો કોન્ફરન્સ કરી જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.
- ડૉ. હેગડેવાર સ્મારક સમિતિ ગાંધીનગર દ્વારા ૨૩મી માર્ચના રોજ સામુહિક રક્તદાન કેમ્પનું આયોજન સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુ છે.
- કલ્ચર ફોરમના વરિષ્ઠ કારોબારી સભ્ય પંકજ દેસાઈ કોરોનાથી સંક્રમિત.

# સોલંકીપુરા પાટીયા પાસે કાર સળગતા યુવક બળીને ભડથું

### દહેગામ પાસેનો બનાવ : ડમ્પર - કાર વચ્ચે અકસ્માત બાદ કારમાં આગ લાગતા કરૂણાજનક ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા.૧૭

દહેગામ-ચિલોડા માર્ગ પર સોલંકીપુરા પાટીયા પાસે ડમ્પરની પાછળ કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ અચાનક ભભુકેલી આગમાં તેનપુર ગામનો આશાસ્પદ યુવક બળીને ખાક થઈ ગયો હતો. કારમાં સવાર યુવક આગની લપેટમાં આવી જતા કરૂણાજનક ઘટના બની હતી. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



બાયડના તેનપુર ગામનો વતની ૨૫ વર્ષિય યુવક કિશન રાજેશભાઈ પટેલ પોતાની સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં. જી. જે. ૦૯. બી.બી. - ૫૭૬૫ લઈને મિત્રને મળવા માટે ચિલોડા આવી રહ્યો હતો. તે સમયે દહેગામ થી સામાન્ય અંતરે આવેલા સોલંકીપુરા પાટીયા પાસે આગળની તરફ જઈ રહેલા ડમ્પર નં.જી.જે.૨૩.વી.૫૩૭૮ ની પાછળ કિશનની કાર જોરદાર અથડાઈ હતી. જેને પગલે કારનો આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો.અકસ્માત બાદ ડમ્પરનો ડ્રાઈવર નાસી છુટ્યો હતો. ત્યારે ગણતરીની મિનિટોમાં સ્વીફ્ટ ડીઝાયર કારમાં અચાનક આગ લાગી હતી.આગને પગલે સ્થાનિક નાગરીકો અને અન્ય વાહનચાલકો બચાવ કામગીરી માટે આવી ગયા હતા. પરંતુ કારના દરવાજા ઓટોમેટીક બંધ થઈ ગયા હોવાથી ખુલી શક્યા ન હતા. ત્યારે આગની જવાળાઓમાં કાર સહિત યુવક બળીને ભડથુ થઈ ગયો હતો. બનાવ સ્થળે પરિવારજનો આવી પહોંચતા તેમના હૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું. બનાવની જાણ થતા દહેગામ પોલીસ મથકના સ્ટાફના જવાનો પણ આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે મૃતક યુવક કિશનનો તા.૧૮ માર્ચના રોજ જન્મદિવસ હતો.

# રતનપુરની જમીનમાં ઘુસણખોરી કરનાર વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ

### ખોટા વેચાણ દસ્તાવેજ ઉભા કરી જમીન પચાવી પાડવાનો કારસો ઘડ્યો હતો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા રતનપુર ગામની સીમમાં આવેલી જમીનના ખોટા વેચાણ બાનાખત કરનાર વ્યકિત સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ આણંદ ખાત રહેતા રાકેશકુમાર ગોહિલના જણાવ્યા અનુસાર ખેડાના પ્રભુદાસ પટેલની વિવિધ સર્વે નંબરની જમીન રતનપુર ખાતે આવેલી છે. જયારે પ્રભુદાસ વિદેશમાં પરિવાર સાથે સ્થાઈ થયા છે. જેને પગલે તેઓએ જમીન અંગે વહીવટી કામો કરવા માટે ફરીયાદી રાકેશકુમારને પાવર ઓફ એટર્ની આપી છે. ફેબ્રુઆરી-૨૦ માં રતનપુરની જમીનમાં કોઈએ ઘુસણખોરી કરી હોવાની વાત ધ્યાને આવતા તેઓ અહી જોવા માટે આવ્યા હતા. જેમાં અમદાવાદના માધુભાઈ મેઘજીભાઈ ડોબરીયા (રહે.દાનવ પાર્ક સોસા નિકોલ) ગેરકાયદે ઘુસી જમીન પર કબ્જો કર્યો હતો. તેણે ફેન્સીંગ તોડી અને ઝાડ કાંપીને પોતાની જમીન હોવાનું બોર્ડ મારી દીધુ હતુ.જેથી રાકેશકુમારે ડભોડા પોલીસ મથકે અરજી કરતા પોલીસે તપાસ શરુ કરી હતી.જેમાં તપાસ દરમિયાન નિવેદન સમયે માધુભાઈએ એક બાનાખત રજુ કર્યો હતો.

જેમાં તેણે ૨૦૧૨ માં બાનાખત જમીને વેચાણ રાખી હોવાનો દાવો કર્યો હતો. જેને પગલે રાકેશકુમારે તેની નકલ મેળવી જોતા બાનાખત પર જમીનની કિંમત ૪ કરોડ અગીયાર લાખ દશાવ્યા હતા અને વેચાણ આપનારમાં પ્રભુદાસ પટેલની ટુંકી સહી હતી. પરંતુ પ્રભુદાસ પટેલે આવુ કોઈ બાનાખત બનાવ્યું નથી. જયારે પ્રભુદાસ પટેલે જમીનના ટાઈટલ મેળવવા માટે જે સહી કરી આપી હતી તેની સિન્થેટીક કોપી બાનાખત પર કરવમાં આવી હોવાનું જણાવ્યું હતું. જેથી રાકેશકુમારે કલેકટરને અરજી કરી હતી. અરજીની તપાસમાં બાનાખત ખોટુ અને બનાવટી સાબિત થતા ગુનો નોંધવા માટે હુકમ કર્યો હતો. ડભોડા પોલીસે માધુભાઈ મેઘજીભાઈ ડોબરીયા સામે જમીન પચાવી પાડવા અંગેનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શહેર કોંગ્રેસમાં ભાજપના ૨૦૦ કાર્યકરો જોડાયા

ગાંધીનગર શહેર કોંગ્રેસની ગઈકાલે મળેલ વિસ્તૃત કારોબારી બેઠકમાં ૨૦૦થી પણ વધુ કાર્યકરોએ ભાજપ છોડી કોંગ્રેસમાં પ્રવેશ મેળવ્યો છે. રાયસણ નજીક મળેલ કારોબારીની આ બેઠકમાં નવા જોડાયેલા કાર્યકરો અને આગેવાનોને નિરીક્ષકો ડૉ. જીતુભાઈ પટેલ, વંદનાબેન પટેલ, જયરાજસિંહ પરમાર, સંજયભાઈ અમરાણી, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહે આવકાર્યા હતા. કારોબારીની આ બેઠકમાં વોર્ડ પ્રમુખોની નિયુક્તી કરવા ઉપરાંત વોર્ડવાર નિરીક્ષકોની પણ નિયુક્તી કરવામાં આવી છે તેઓ વોર્ડવાર બેઠકો યોજી ઉમેદવારોના નામની પેનલો તૈયાર કરશે. કારોબારીની આ બેઠકમાં મનપાની સામાન્ય ચૂંટણીમાં વિજય સંકલ્પ લેવામાં આવ્યો હતો. તમામ આગેવાનો અને કાર્યકરોને જનસંપર્ક સઘન કરવા પણ અગ્રણીઓએ જણાવ્યુ હતુ.



ગરમીનો પારો દિન પ્રતિદિન વધી રહ્યો છે. પાણીની જરૂરીયાત પણ તેની સાથે વધતી જાય છે. આકરી ગરમીમાં પશુ-પંખીઓ પાણી માટે વલખા મારતા જોવા મળે છે. જો કે શહેરમાં એવા ઘણા સ્થળો છે જયાં પશુપંખીઓને ભરપૂર માત્રામાં પાણી મળી રહે છે. પુનિત વનમાં કુદરતી વાતાવરણમાં વિહાર કરતા મોર સહિતના પંખીઓ-પ્રાણીઓને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે છે.

## ભાટ ગામના ખેતરમાં છુપાવીને રાખેલી દારૂની ૫૪૪ બોટલ મળી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ ગામના ખેતરની વાડમાં છુપાઈને રાખવામાં આવેલ વિદેશી દારૂની ૫૪૪ બોટલ અડાલજ પોલીસને મળી આવી હતી. અડાલજ પોલીસે રૂ.૮૭,૫૮૮ ની કિંમતનો દારૂ જપ્ત કરી આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તો સમયે કોન્સ્ટેબલ આશિષકુમારને બાતમી મળી હતી કે ભાટ ગામની સિમમાં આવેલી એપીએસ સ્કુલ પાસે ખોડીયાર નર્સરીનું પોસ્ટર લગાવેલા ખેતરની વાડમાં અમદાવાદના લાલા ઉર્ફે લલ્લુ સિંધીએ દારૂ છુપાવી રાખ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા વાડમાંથી વિદેશી દારુની પેટીઓ અને છુટ્ટી બોટલો મળી આવી હતી. જેમાં વિવિધ બ્રાન્ડની ૫૧૬ બોટલ અને ૨૮ બોટલ બિયરની મળી આવી હતી. જો કે આરોપી લાલો સિંધી મળી આવ્યો ન હતો. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એજન્સી પાસેથી રૂ. ૧,૬૩,૭૭૯ ની બાકી લેણાની વસુલાત માટે કોર્ટ કેસ કરેલ છે. આમ બાકી વસુલાત માટે જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

● **નાયબ સેક્શન અધિકારીની જગ્યા**

કોંગીના લાખાભાઈ ભરવાડે મુલ્કી સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ ની જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ સંવર્ગમાં મંજૂર થયેલ ૧૫૪૬ જગ્યાઓ પૈકી હાલ ૬૮૧ ખાલી જગ્યાઓ પૈકી ૨૩૮ જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે.

ખાલી જગ્યાઓ ભરવા માટે નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની ફિડર કેડર ઓફિસ આસિ. વર્ગ-૩ સંવર્ગની વર્ષ ૨૦૧૫ની બેચની બઢતી માટેની ખાતાકીય તાલીમનો તબક્કો પૂર્ણ થઈ ગયેલ છે.

● **મહાત્મા મંદિરના સંચાલનની કામગીરી**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મહાત્મા મંદિરના સંચાલનની કામગીરી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે મહાત્મા મંદિરના સંચાલન માટે ગરૂડ દ્વારા હોટલ લીલા વેન્ચર લિમિટેડને તા. ૧-૧૨-૧૮ થી ૨૫ વર્ષ માટે શરતોને આધિન સંચાલન સોંપવામાં આવેલ છે.

બેઈઝ મેનેજમેન્ટ ફી - નાણાંકીય વર્ષની કુલ આવકના ૨ ટકા રકમ, પ્રોત્સાહક ફી કુલ નફામાંથી બેઈઝ મેનેજમેન્ટ ફી તરીકે ચૂકવેલ રકમ બાદ કરતાં બાકી રહેતા એડજ સ્ટોક નફામાંથી સંચાલનના વર્ષને ધ્યાને લઈ કુલ સંચાલન નફાના શૂન્યથી ૬.૫ ટકા રકમ આપવાની થાય છે. ધારાસભ્ય ડૉ. ચાવડાએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઈ તેવા પુછેલા લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે રાજ્ય સરકારે મહાત્મા મંદિર ૪૫ વર્ષના પરવાના કરારથી ગરૂડને સોંપેલ છે. ગરૂડ કંપનીને મહાત્મા મંદિરની કામગીરી સબબ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૮,૭૪,૭૧,૪૩૨ ની આવક થયેલ છે. થયેલ આવકમાંથી મહાત્મા મંદિરને લગતા ખર્ચ રૂ. ૨૮,૧૭,૧૨,૫૧૮ ને બાદ કરતાં રૂ. ૫૭,૫૮,૯૧૪ નો નફો થયેલ છે.

● **માસ્કના નિયમનો ભંગ**

દિયોદરના ધારાસભ્ય શીવાભાઈ ભુરિયાએ ગાંધીનગર જિલ્લામાં પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનારાઓ પાસેથી દંડ વસુલાયો તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૭૯,૯૧૧ વ્યક્તી પાસેથી રૂ. ૨,૫૩,૯૯,૦૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે દંડ ન ભરનારા ૪ વ્યક્તી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

● **લીઝની એન.ઓ.સી.**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની ગાંધીનગર જિલ્લામાં કયા પ્રકારની લીઝો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ગૌણ ખનીજની ૧૫૦ લીઝો છે.

આ લીઝ ધારકો પર્યાવરણની એન.ઓ.સી. ધરાવે છે કે કેમ ? તેવા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧૪૪ ગૌણ ખનીજના લીઝ ધારકો આ એન.ઓ.સી. ધરાવે છે. જ્યારે ૬ લીઝ ધારકો પાસે એન.ઓ.સી. નથી.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ઉક્ત ૬ લીઝ ધારકોના ઈ.સી. ૨૦૧૯માં રદ થતા કુલ ૬ લીઝ ધારકોનું ઓનલાઈન એટીઆર એકાઉન્ટ લોક કરવામાં આવેલ છે. જે પૈકી ૫ લીઝ ધારકો દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ ન્યુદિલ્હીમાં અપીલ દાખલ કરવામાં આવેલ જેના તા. ૧૫-૧-૨૦ના ઓર્ડર મુજબ ઉક્ત ૫ લીઝ ધારકો સામે આગળની સુનાવણી સુધી કોઈ પગલાં/કાર્યવાહી ન કરવા ઓર્ડર આવેલ જે મુજબ ઉક્ત ૫ લીઝ ધારકોના એટીઆર એકાઉન્ટ ચાલુ કરવામાં આવેલ. ત્યારબાદ ૩૦-૯-૨૦ની સુનાવણીના ઓર્ડર મુજબ સદર અપીલ કેસ એસઈઆઈએએ રિમાન્ડ કરવામાં આવેલ.

સદર લીઝ ધારકોને ઈ.સી. રજુ કરવા નોટીસ પાઠવવામાં આવેલ છે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

## મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર હાઈસ્કૂલે જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર જિલ્લાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર શાળાએ સને ૨૦૨૦-૨૧ની જિલ્લાની પ્રથમ ક્રમાંકની શાળા તરીકે ઉભરી આવેલ છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારની તરીકે જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓ જાહેર થઈ. આ અન્વયે પી.આર. ઠક્કર વિદ્યાવિહારને એક લાખ રૂપિયાનું ઈનામ પ્રાપ્ત થયું છે. આ અગાઉ સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં પણ આ શાળા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે ઉભરી આવેલી હતી.

# ગાંધીનગરમાં વેટરન ક્રિકેટ એસોસિએશનનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ક્રિકેટનો સ્વર્ણિમ ઈતિહાસ ગણાય તેવા સિનિયર પુરુષ અને મહિલા ક્રિકેટરોએ સાથે મળી વેટરન ક્રિકેટ એસોસિએશન ગાંધીનગરની સ્થાપના કરવામાં આવી છે. આ એસોસિએશનમાં ગાંધીનગરના ભૂતકાળના પુરુષ અને મહિલા ક્રિકેટ ખેલાડીઓ કે જેમની ઉંમર ૩૫ વર્ષ કરતા વધુ હોય તેવા ડીસ્ટ્રીકટ, સ્ટેટ લેવર, રણજી ટ્રોફી કે નેશનલ રમેલા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

એસોસિએશનની સ્થાપનાનો મૂળ હેતુ તમામ ખેલાડીના લોહીમાં ભળી ગયેલ ક્રિકેટની રમત સાથે સતત સંપર્ક બનાવી રાખવાનો છે પણ તેની સાથે હજુ રમતા રહેવાની લાગણી પણ જોડાયેલી છે. પરંતુ આ તમામ બાબતોથી ઉપર આ તમામ ક્રિકેટરોના દિલમાં ગાંધીનગરમાં ક્રિકેટની રમતની જે પરિસ્થિતિ થઈ છે તેની ચિંતા વધુ છે. આજે ગાંધીનગરના ક્રિકેટમાં રસ ધરાવતા યુવાનો અને નાના બાળકોને ક્રિકેટની પાયાની સુવિધાઓ નથી મળી રહી. ગ્રાઉન્ડની સગવડ નથી મળી રહી કે કોચિંગની કોઈ સગવડ નથી મળી રહી ત્યારે આ તમામ વેટરન ક્રિકેટરો ભાવના સાથે આગળ આવ્યા છે કે તેઓ પોતે હજી પણ ક્રિકેટ રમતા રહેવાની સાથે સાથે ગાંધીનગરના વધુમાં વધુ યવાનો અને બાળકોમાં જે ક્રિકેટ અને ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ વધી રહ્યો છે તેને દિશા આપવાનું અને વધુમાં વધુ ક્રિકેટરો ગાંધીનગરમાંથી તૈયાર થઈને રાજય અને દેશના ક્રિકેટમાં પોતાનું યોગદાન આપે તે માટે પ્રયત્નો પ્રેરણા અને પ્રોત્સાહન આપવાના ધ્યેય સાથે આ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી છે

આ એસોસિએશનના પ્રમુખ તરીકે ગાંધીનગરના જાણીતા પૂર્વ ક્રિકેટ ખેલાડી અને નેશનલ રમેલા ઝહિર મન્સૂરી, ઉપપ્રમુખ તરીકે જાણીતા પૂર્વ ક્રિકેટર સાગર દેસાઈ અને સેક્રેટરી તરીકે ડૉ. જીગ્નેશ જેઠવાને જવબદારી સોંપવામાં આવી છે. એસોસિએશનની આજની આ રચનામાં ડી.જી. મોજર ખજાનચી તરીકે અને રાકેશ કે. પંચોલી, દિપક પુરબીયા અને વિરેન્દ્રસિંહ ઝાલા સ્થાપક સભ્ય તરીકે જોડાયા છે.